ક્રમાંક: ઉશિક/મ.ગા.ઉ.૧૫૦/૨૦૧૮/૨૦૬૨૯

ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. , ગાંધીનગર
તા. ૨૦/૦૯/૨૦૧૮

પ્રતિ,

1. રજીસ્ટ્રારશ્રી,
   તમામ યુનિવર્સીટી (સરકારી, સેકટોરલ અને ખાનગી યુનિવર્સીટી),ગુજરાત રાજ્ય.
2. આચાર્યશ્રી,
   રાજ્યની તમામ કોલેજો (સરકારી અને અનુદાનિત અને સ્વનિર્ભર),ગુજરાત રાજ્ય.

વિષય: તા:૦૨/૧૦/૨૦૧૮ના રોજ મહાત્મા ગાંધીની જન્મ જયંતિની ઉજવણી બાબતઆયોજન અંગે

શ્રીમાન,

ભારત સરકાર દ્વારા પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી તા.૦૨/૧૦/૨૦૧૮થી તા.૦૨/૧૦/૨૦૨૦ સુધી કરવાનું નિર્ધારિત કરવામાં આવેલ છે. જેના ઉપક્રમે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી તથા કેસીજી, અમદાવાદના અમલીકરણ, સંકલન અને મોનીટરીંગઅંતર્ગત તા:૦૨/૧૦/૨૦૧૮ના રોજ આપશ્રીની સંસ્થા દ્વારા નીચે મુજબના કાર્યક્રમ કરવાના થાય છે.

- સવારે ૦૭:૦૦થી ૦૮:૦૦ પ્રભાત ફેરી
- સવારે ૦૮:૦૦થી ૦૯:૦૦ સર્વધર્મ પ્રાર્થના અને મહાત્મા ગાંધીના વિચારોનું વાંચન.
- સવારે ૦૯:૦૦થી ૧૦:૦૦ મહાત્મા ગાંધીજીના પ્રિય ભજન જેવા કે, “વૈષ્ણવ જન”, “મિલે સુર મેરા તુમ્હારા” , વગેરે.
- સવારે ૧૦:૦૦થી ૧૧:૦૦ ગાંધીજીના જીવન આધારિત ઓનલાઈન ક્વીઝ(તમામ કોલેજો)
  - કોલેજ કક્ષાએ, જીલ્લા કક્ષાએ, યુનિવર્સીટી કક્ષાએ અને રાજ્ય કક્ષાએ ઓનલાઈન ક્વીઝનું આયોજન.
  - તમામ વિજેતાઓને કેસીજી કચેરી દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.
  - જીલ્લા કક્ષાએ, યુનિવર્સીટી કક્ષાએ અને રાજ્ય કક્ષાએ પ્રથમ વિજેતાને ટ્રોફી અને પ્રમાણપત્ર.
- સવારે ૧૦:૦૦થી ૧૧:૦૦ સ્વચ્છતા અભિયાન, પ્લાસ્ટિક નિકાલ ઝુંબેશ. તથા શેરી અને મોહલ્લામાં સફાઈ.
- રાજ્યની યુનિવર્સીટીઓ ખાતે ગાંધી અધ્યયન કેન્દ્રની સ્થાપના અને ઉદ્ઘાટન.

- ગાંધી અધ્યયન કેન્દ્રની અંતર્ગત એક અલાયદા ખંડમાં ગાંધીજી અને શ્રેષ્ઠ વિચારકોના જીવન ચરિત્રને લગતા પુસ્તકો અને તે અંગેના વાંચન, વિચાર અને વિમર્શ માટેની બેઠક વ્યવસ્થા.
- ગાંધીજીના વિચારોને ઉજાગર કરતી પ્રસ્તુતિઓ

ક્વીઝના નિયમો અને ગાઈડલાઈન્સ

- રાજ્યની સરકારી તેમજ બિનસરકારી અનુદાનિત કોલેજના હાલ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ક્વિઝ સ્પર્ધામાં ભાગ લઇ શકશે.
- ઓનલાઇન ક્વિઝ સ્પર્ધા તા. ૦૨/૧૦/૨૦૧૮ના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૦.૩૦ કલાક દરમ્યાન યોજાશે.
- ક્વિઝ સ્પર્ધામાં મહાત્મા ગાંધીના જીવન આધારિત ૩૦ મલ્ટીપલ ચોઇસ ક્વેશ્ચન્સના જવાબ આપવાના રહેશે.
- રાજ્યની સરકારી તેમજ બિનસરકારી અનુદાનિત કોલેજો પૈકી જે કોલેજોમાં ઇન્ટરનેટ સુવિધા સહિત જેટલા હાલ ચાલુ સ્થિતીમાં કોમ્પ્યુટર સેટ ઉપલબ્ધ હોય તે સંખ્યાની મર્યાદામાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે. પરંતુ જો વિદ્યાર્થી પાસે લેપટોપ/ટેબલેટ હોય અને ક્વિઝ સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છે તો જો કોલેજ વાઇફાઇ/ઇન્ટરનેટની સુવિધા આપી શકે તો તેવા વિદ્યાર્થીઓ પણ ભાગ લઇ શકશે.
- ક્વિઝ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીએ કોલેજ કેમ્પસ ખાતે જ કોલેજે કરેલ બેઠકવ્યવસ્થા અનુસાર હાજર રહી જવાબો આપવાના રહેશે.
- ભાગ લેનાર વિદ્યાર્થીને કોમ્પ્યુટરનું પ્રાથમિક જ્ઞાન હોવુ આવશ્યક છે. તેમજ વિદ્યાર્થીનું હાલ કાર્યરત હોય તેવું ઇ-મેલ આઇ.ડી પણ જરૂરી છે.
- સદર ઓનલાઇન ક્વિઝ સ્પર્ધા માટે વિદ્યાર્થીએ કોઇપણ પ્રકારની રજિસ્ટ્રેશન કે અન્ય ફી ચુકવવાની કે કોલેજે વસુલ કરવાની નથી.
- વિદ્યાર્થીએ નિયત તારીખ અને સમયે પોતે હાજર રહી ૩૦ પ્રશ્નોના જવાબો આપવાના છે
- યુનિવર્સિટી અને રાજ્યકક્ષાએ રેન્ક મેળવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામ/પ્રમાણપત્ર આપવાની બાબત વિચારણા હેઠળ છે જે નિર્ણિત થયે જણાવવામાં આવશે.
- કોલેજે પોતાની કોલેજના કોમ્પ્યુટર જાણકાર અધ્યાપકની કોલેજ કક્ષાના ક્વિઝ કો-ઓર્ડિનેટર તરીકે નિમણૂંક કરવાની છે.

- કોલેજે ક્વિઝ સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છતા પોતાની કોલેજમાં હાલ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું તા. ૨૬/૦૯/૨૦૧૮ સુધીમાં રજિસ્ટ્રેશન કરવાનું છે.
- તા. ૨૭/૦૯/૨૦૧૮ના રોજ બપોરના ૦૨.૦૦ કલાક સુધીમાં પોતાની કોલેજના રજિસ્ટર થયેલ વિદ્યાર્થીઓની વિગતો કે.સી.જી કચેરીને ઓનલાઇન ફોર્મ/ઇ-મેલ દ્વારા kcg.gandhiji150@gmail.comપર મોકલી આપવાની છે.
- રજિસ્ટર થયેલ વિદ્યાર્થી પાસે પોતાનું હાલ ચાલુ સ્થિતીમાં ઇ-મેલ આઇ.ડી હોવુ ફરજીયાત છે કેમકે ઓનલાઇન ક્વિઝની લીંક ક્વિઝ શરૂ થવાની ૩૦ મિનિટ અગાઉ જે તે વિદ્યાર્થીને સિધી ઇ-મેલથી જ મોકલવાની થાય છે.
- પ્રત્યેક વિદ્યાર્થી માટે ઓનલાઇન ક્વિઝની લીંક જુદી જુદી હોવાથી ઇ-મેલ મારફત મળેલ લીંકવાળી ક્વિઝમાં આપેલ જવાબો જ રેકર્ડ થશે.
- કોલેજે મોકલવેલ પોતાની કોલેજના રજિસ્ટર વિદ્યાર્થીને કે.સી.જી દ્વારા વિદ્યાર્થી દીઠ યુનિક આઇ.ડી તા. ૨૭/૦૯/૨૦૧૮ સુધીમાં જે તે કોલેજના ક્વિઝ કો-ઓર્ડિનેટરશ્રીને ઇ-મેલ મારફત મોકલવામાં આવશે.
- વિદ્યાર્થીઓને ઓનલાઇન ક્વિઝ બાબતે માર્ગદર્શન મળી રહે તે હેતુથી ૧૦ પ્રશ્નો ધરાવતી 'મોક ક્વિઝ' તા. ૦૧/૧૦/૨૦૧૮ના રોજ યોજવામાં આવશે જેમાં રજિસ્ટર થયેલ વિદ્યાર્થીઓ પ્રેક્ટીસ મેળવી શકશે.
- ક્વિઝ બાબતે મહાત્મા ગાંધીજીના જીવન, પ્રસંગો, ઘટનાઓ, સહિતની તમામ બાબતો આવરી લેવામાં આવશે.
- રાજ્યની જે કોલેજોના વિદ્યાર્થીઓએ ક્વિઝમાં ભાગ લીધેલ હશે તે તમામનું પરીણામ કેસીજી કચેરી દ્વારા જાહેર કરવામાં આવશે તેમજ કોલેજને પોતાના વિદ્યાર્થીઓનું અલગથી પરીણામ આપવામાં આવશે.
- કોલેજ કક્ષાએ પ્રથમ આવનાર વિદ્યાર્થીને જો કોલેજ ઇચ્છે તો પ્રમાણપત્ર આપી શકશે પરંતુ પ્રથમ વિજેતા માટેના પ્રમાણપત્ર માટે ઓછામાં ઓછા ૦૫ વિદ્યાર્થીએ ક્વિઝમાં ભાગ લીધેલ હોવો જોઇશે.
- કોલેજે અત્રેથી પુરા પાડવામાં આવેલ રજીસ્ટ્રેશન ફોર્મના નમૂના અનુસાર પોતાની કોલેજના હાલ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઓનલાઇન ક્વિઝ સ્પર્ધા માટે રજીસ્ટર કરવાના રહેશે.
- કોલેજ કક્ષાના ક્વિઝ કો-ઓર્ડિનેટરશ્રીની નિમણૂંક કરવાની રહેશે તેમજ સદર કો-ઓર્ડિનેટરશ્રીની વિગતો અત્રેની કચેરીને પુરી પાડવાની રહેશે.
- કોલેજ ખાતે હાલ ચાલુ સ્થિતીમાં હોય તેટલા કોમ્પ્યુટર સેટ અને ઇન્ટરનેટની ઉપલબ્ધતાના આધારે કેટલા વિદ્યાર્થીઓને રજીસ્ટર કરવા તેનો નિર્ણય કરવાનો રહેશે.

- કોલેજ કક્ષાના ક્વિઝ કો-ઓર્ડિનટરશ્રીએ તા. ૦૧/૧૦/૨૦૧૮ના રોજ મોક ક્વિઝ સમયે તેમજ તા. ૦૨/૧૦/૨૦૧૮ના રોજ કોલેજ ખાતે હાજર રહેવાનું રહેશે કારણકે કોલેજના વિદ્યાર્થીઓને ક્વિઝ એકસેસ કરવા માટેનો એકસેસ કોડ ક્વિઝ શરૂ થવાની ૦૫ મિનિટ અગાઉ જે તે કો-ઓર્ડિનેટરશ્રીના મોબાઇલ પર વૉટ્સએપ મારફત મોકલવામાં આવશે. એકસેસ કોડ વિના વિદ્યાર્થીઓ ક્વિઝ આપી શકશે નહીં.
- ક્વિઝમાં હાજર વિદ્યાર્થીઓનું હાજરી પત્રક નિભાવવાનું રહેશે તેમજ ક્વિઝ પૂર્ણ થાય તે અગાઉ અત્રેથી આપવામાં આવેલ ઇ-મેલ આઇ.ડી પર સદર હાજરીપત્રક મેલ કરવાનું રહેશે. ક્વિઝ પૂર્ણ થયા અગાઉ જો હાજરી પત્રક મેલમાં મળેલ નહીં હોય તો તે કોલેજના વિદ્યાર્થીઓનું પરિણામ રેન્કની ગણતરીમાં લેવામાં આવશે નહીં.
- ક્વિઝ માટેની બેઠક વ્યવસ્થા તેવી રીતે ગોઠવવી જેથી વિદ્યાર્થીઓની પાછળના ભાગે કોલેજનું નામ તેમજ ઇવન્ટ દર્શાવતું બેનર લગાવી શકાય. વધુમાં વધુ વિદ્યાર્થીઓને જોઇ શકાય તે રીતે લીધેલ બે ફોટોગ્રાફ્સ કેસીજી કચેરીને ઈ-મેઈલ મારફતેkcg.gandhiji150@gmail.comપર મોકલવાના રહેશે.
- વિદ્યાર્થીઓ ક્વિઝ માટે કોલેજમાં પહોંચે ત્યારે તેમની તૈયારી અને ક્વિઝ સ્પર્ધા બાબતે પ્રશ્નો પૂછી મોબાઇલ ફોનથી વિડિયો રેકર્ડ કરવો. આવો વિડિયો ક્વિઝ પૂર્ણ થાય ત્યારે પણ રેકર્ડ કરવો. વિડિયો એક મિનિટની મર્યાદામાં હોવો જોઇશે. આ રેકોર્ડેડ વિડિયો ક્વિઝ પૂર્ણ થયાબાદ કેસીજી કચેરીને ફક્ત ઇ-મેલ મારફત જ મોકલી આપવાના રહેશે.
- કોલેજ કક્ષાએ થયેલ ક્વિઝના પરિણામના આધારે જીલ્લા અને યુનિવર્સીટી કક્ષાના વિજેતાઓ ઘોષિત કરવામાં આવશે તથા યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ ત્રણ રેન્ક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની બીજા તબક્કાની ક્વિઝ કેસીજી કચેરી ખાતે ઓક્ટોબરના બીજા-ત્રીજા અઠવાડિયામાં આયોજિત કરવામાં આવશે. જેની વિજેતા વિદ્યાર્થીઓ/કોલેજોને અલગથી જાણ કરવામાં આવશે.

નિયામક
ઉચ્ચ શિક્ષણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ:

- શ્રી કે. બી. ઉપાધ્યાય (IAS), સી.ઈ.ઓ, કે.સી.જી., અમદાવાદ.
- પ્રો. એ.યુ. પટેલ, એડવાઈઝર, કે.સી.જી., અમદાવાદ.
- ડૉ. યોગેશ યાદવ,ખાસ ફરજ પરના અધિકારી(એક્ષ્ટેન્શન), કે.સી.જી.,અમદાવાદ(યોગ્ય કાર્યવાહી સારૂં)